# સાબરકાંઠા, અરવલ્લીમાં કોરોનાની ભયાવહ સ્થિતિ, કેસ ૩૦૦૦ને પાર..!!

## સરકારી દફતરે માંડ ૧૨૫ કેસ, ખાનગી હોસ્પિટલોમાં બેડ ખૂટી પડ્યા, પ્રજામાં દહેશત વધી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

કોરોનાની કહેવાતી બીજી લહેરમાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભયાવહ સ્થિતિ સામે આવી છે. ખેડબ્રહ્મા જેવા આદિવાસી વિસ્તારમાં માત્ર ૪ દિવસમાં ૧૦૦ થી વધુ કોરોના સંક્રમિત કેસ સામે આવ્યા છે તે જોતાં મોડાસા, ઈડર, હિંમતનગર, તલોદ, પ્રાંતિજ, બાયડ વિસ્તારમાં સ્થિતિ વધુ બેકાબુ હોવાની આંશકા છે. બિનસત્તાવાર આંકડા ઉપર નજર કરીએ તો જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસનો આંકડો ૩૦૦૦ને પાર કરી ગયો છે. સરકારી દફતરે માંડ ૧૨૫ કેસ બોલી રહ્યા છે. અત્યારની સ્થિતિ વિસ્ફોટક એટલા માટે છે કે ખાનગી હોસ્પિટલોમાં કોરોનાના દર્દી માટે બેડ ખૂટી પડ્યા છે. જેના કારણે અનેક દર્દીઓને હોમ ક્વોરન્ટાઈન કર્યા પછી ઘેર બેઠાં સારવાર આપવામાં આવી રહી છે. સરકારી હોસ્પિટલોમાં જે રીતે રેપિડ ટેસ્ટ કરવા માટે લોકો ઉમટે છે તે જોતાં આવનારા દિવસો જિલ્લા માટે પડકાર રૂપ બની શકે છે. છેલ્લા એક સપ્તાહથી પ્રજામાં કોરોનાના કારણે દહેશત છે. આ તમામ પ્રકારની વિપરીત સ્થિતિ છતાં આરોગ્ય વિભાગની પીઠ થબથબાવવી જોઈએ કારણ કે નજર સમક્ષ કોરોનાનો હાઉ હોવા છતાં વેક્સિનેશનની કામગીરીને સતત આગળ ધપાવી રહ્યા છે.

સરકારી કચેરીઓ, જેલ, શાળાઓ, મંદિરો, પોલીસ સ્ટેશનોમાં કોરોનાની મહામારી ડોકાયા પછી કોરોનાની બીજી લહેર કેટલા લોકોને સંક્રમિત કરશે..?? તેની ચર્ચા વધુ છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૬ લાખથી વધુની માનવ વસતીને કોરોના વેક્સિનથી આવરી લેવાનો ઉદ્દેશ્ય આરોગ્ય વિભાગનો હોઈ શકે પરંતુ અત્યારે ૪૫ વર્ષથી ઉપરના તમામ લોકોને કોરોના વેક્સિન આપવાનું અભિયાન શરૂ થયું છે. અખબારો અને ટીવી ચેનલોના માધ્યમથી વેક્સિનની કામગીરીને નવું બળ મળ્યું છે. પ્રથમ દિવસે વેક્સિનની કામગીરીને નબળા પ્રતિસાદ પછી હવે ખુદ પ્રજા જાગ્રત બની રસીકરણ માટે સ્થળ શોધી રહી છે. જિલ્લામાં કોરોનાની ભયાવહ સ્થિતિએ પ્રજાને ભયભીત તો કર્યા છે પરંતુ ફરી વેપારીઓ પણ ચિંતિત બન્યા છે કારણ કે પ્રથમ લહેર કરતાં બીજી લહેરમાં કોરોનાના દર્દીઓમાં ઉછાળો થઈ રહ્યો છે તે જોતાં જો લૉકડાઉન આવી પડશે તો અનેક વેપારીઓ પાયમાલ બની શકે છે તેમ છતાં પ્રજાની સાથે વેપારીઓએ પણ સાવધાની રાખવી પડશે. ખરીદી માટે આવતા ગ્રાહકે માસ્ક પહેર્યો છે કે કેમ..?? તેની ચિંતા સરકાર અને આરોગ્ય તંત્રના શિર પર હોય તેવું નથી. વેપારીઓએ પણ પોતાની આગવી ભૂમિકા દેખાડવી પડશે. હાલ તો સાઠંબા થી પોશીના સુધીના વિસ્તારમાં ગરમીનો પારો ઉંચકાયો છતાં કોરોના સતત હાવિ રહ્યો છે.

### હિંમતનગર ડીવીઝન નાયબ પોલીસ અધિક્ષક કોરોનાની ઝપેટમાં

કોરોનાની બીજી લહેરમાં વાયરસનું બિહામણું સ્વરૂપ સામે આવી રહ્યું છે. બંન્ને જિલ્લામાં કોરોના સંક્રમણ તિવ્ર ગતિએ પ્રસરી રહ્યું છે. હિંમતનગર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક કે. એચ. સૂર્યવંશી કોરોનાની ઝપેટમાં આવી જતાં હોમ ક્વોરન્ટાઈન થયા છે. પોલીસ અધિકારીનો રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવતાં કચેરીના અન્ય પોલીસ કર્મીઓના પણ રેપિડ ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. અગાઉ અરવલ્લી જિલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ અધિક્ષક અને હવે સાબરકાંઠા-હિંમતનગર ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક કોરોનાથી સંક્રમિત થતાં ખાખી વર્દીમાં સંક્રમણ હાવિ થતું હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

# દાંત ખાટા કરતા લીંબુના ભાવ : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં અધધ લીંબુનો ભાવ ૨૦૦ રૂપિયા

## ગરમીનો પારો ઉંચકાતાં લીંબુના ભાવ આસમાને

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

કાળઝાળ ગરમીમાં પ્રજા ઠંડાં પીણાં શોધી રહી છે. ઉનાળા દરમ્યાન શરીરમાં ડી-હાઈડ્રેશન રોકવા લીંબુ સરબતનો વધુ પડતો ઉપયોગ થતો હોય છે. ત્યારે ઉનાળો જામતાં જિલ્લામાં લીંબુના ભાવ દાંતા ખાટા કરી નાખે તે હદે વધ્યા છે. સાબરકાંઠા, અરવલ્લીમાં લીંબુનો ભાવ કીલો ગ્રામ દીઠ રૂા.૨૦૦ને આંબી જતાં તેના કરતાં દ્રાક્ષ, તરબૂચ અનેક ગણાં સસ્તાં હોવાનાં પ્રજા જણાવી રહી છે. લીંબુનો ભાવ ઉંચકાતાં પ્રજા ન છૂટકે સસ્તાં લીંબુ સરબતવાળાં પીણાં તરફ આકર્ષાઈ રહી છે. જ્યારે લીંબુ સરબતની સાથે શિકંજીનો સ્વાદ પણ મોંઘો બન્યો છે. વિટામીન-સી થી ભરપુર લીંબુની માંગ કોરોના સંક્રમણમાં વધી ત્યારબાદ ઉનાળામાં માંગમાં ઔર વધારો થવાથી ભાવ ઉંચકાયા છે.



જિલ્લામાં ગરમીની સીઝનમાં શરીરની તંદુરસ્તી માટે લાભદાયી ગણાતા લીંબુના ભાવ ઓચિંતા ઉંચકાયા છે. શિયાળાની સીઝનમાં રૂા.૩૦ થી ૪૦ રૂા.કીલોના ભાવે વેચાતા લીંબુના ભાવ હાલ ઉંચકાઈને રૂા.૨૦૦ની સપાટીએ પહોંચતાં ભાવ સાાંભળીને દાંત ખાટા થઈ જાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. ગુજરાતી ભોજનમાં રોજબરોજ લીંબુનો ઉપયોગ થતો હોય છે પરંતુ હવે લીંબુ વધુ મોંઘા બન્યા છે. જિલ્લામાં અસહ્ય ગરમીમાં વાયરલ બિમારી તેમજ કોરોનાના કપરા કાળમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે પ્રજાજનો લીંબુનો મહત્તમ ઉપયોગ કરતા થયા છે ત્યારે ભાવમાં ઓચિંતો ભડકો થયો છે. જિલ્લામાં શિયાળાની સીઝન પછી ૩ દિવસ અગાઉ કીલો દીઠ લીંબુનો ભાવ રૂા.૧૨૦ હતો તે વધીને રૂા.૨૦૦ સુધી પહોંચી જતાં લીંબુના ભાવ સાંભળીને ગૃહીણીઓ મોં મચકોડી રહી છે. સ્થાનિક લીંબુનું ઉત્પાદન વધુ હોવા છતાં આશ્ચર્યજનક રીતે ભાવ ઉંચકાયા છે. ઉનાળાના પ્રારંભ સાથે જ તમામ વિસ્તારોમાં લીંબુના વેચાણમાં વધારો થયા પછી ભાવમાં ઉછાળો આવતાં હવે લીંબુ સરબતનો મોહ મોંઘો પડી શકે છે.

# આજે રવિવાર : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોના વેક્સિનેશનની કાર્યવાહી ચાલુ રહેશે

## શનિવારે પ્રાથમિક શાળાઓનાં અનેક સેન્ટર બંધ કરતાં અનેક લોકો અટવાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

રાજ્યમાં તા.૧ એપ્રિલથી ત્રીજા તબક્કાનું કોરોના વેક્સિનેશન શરૂ થયું છે જેમાં ૪૫ વર્ષથી ઉપરના તમામ લોકોને પ્રથમ વેક્સિનેશન આપવાની શરૂઆત કરવામાં આવી. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં રવિવારે તેમજ જાહેર રજાના દિવસે પણ વેક્સિનની કાર્યવાહી ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. શનિવારે પ્રા.શાળાઓમાં કાર્યરત કરાયેલા અનેક વેક્સિનેશન સેન્ટર બંધ કરાતાં કોરોના વેક્સિનેશન માટે આવેલા અનેક લોકો અટવાયાની વિગતો પણ સામે આવી છે. ટૂંકમાં આરોગ્ય વિભાગમાં અંદરો અંદર સંકલનનો અભાવ હોય તેવું ચિત્ર પણ જોવા મળ્યું.

કોરોનાની બીજી લહેરમાં ગુજરાતમાં કેસમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. સાબરકાંઠા, અરવલ્લીમાં ૩૦૦૦થી વધુ પોઝિટિવ કેસ હોવાના બિનસત્તાવાર આંકડા સામે આવ્યા છે. જે રીતે કોરોનાનું સંક્રમણ ગતિ પકડી રહ્યું છે તે જોતાં એપ્રિલ મહિનામાં અરવલ્લી જિલ્લામાં ઘેર..ઘેર કોરોનાના ઓછાયાની દહેશત પણ નકારી ન શકાય. સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું, માસ્ક પહેરવો તે તકેદારી છે પરંતુ કોરોના સામે રક્ષણ મેળવવા માટે વેક્સિનેશન પણ જરૂરી છે. જિલ્લામાં ૪૫ વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને ઝડપી રસીકરણ થાય તે માટે રવિવારે અને જાહેર રજાના દિવસે પણ વેક્સિનેશન સેન્ટર ચાલુ રાખવાનો નિર્ણય લેવાયો છે. એપ્રિલ મહિનામાં વધુ રજા અને ૪ રવિવાર છે. આ બધું ધ્યાને રાખીને રવિવારે પણ વેક્સિનેશન ચાલુ રાખવામાં આવશે.

# ફુડ વિભાગ નિંદ્રામાં : સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગુણવત્તા વગરના બરફ ગોલાનો વેપલો શરૂ

## અનેક બાળકોનું આરોગ્ય જોખમાય તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં તાપમાનનો પારો ઉંચકાઈ રહ્યો છે તેમ ગુણવત્તા વગરના બરફગોલાનો વેપલો શરૂ થઈ ગયો છે અનેક ગુણવત્તા વગરનાં ઠંડાં પીણાં પણ ઠેકઠેકાણે હાટડાંની જેમ ગોઠવાયા છે. જિલ્લાનો કુંભકર્ણની નિંદ્રામાં આળોટતો ફુડ વિભાગ જલદી જાગશે નહીં તો અનેક બાળકોનું આરોગ્ય જોખમાઈ શકે છે. જિલ્લા કલેક્ટરે પણ ઠેર ઠેર ગુણવત્તા વગરના બરફગોલા પીરસતા લેભાગુઓ સામે પગલાં ભરવા ફુડ વિભાગને સૂચના આપવી જોઈએ.

જિલ્લામાં માત્ર દિવાળી વખતે જ ફુડ વિભાગ એક્શનમાં આવે છે અને મીઠાઈ તેમજ ફરસાણની દુકાનોમાં ૫ સેમ્પલ લે છે અને સરકારી ચોપડે માત્ર ૩ સેમ્પલ બતાવે છે. વેપારીઓને કચેરીએ આવીને મળી જવાની પણ મૌખિક સૂચના આપવામાં



આવે છે. એક રીતે પૈસા ખંખેરવાનો આ ખેલ ફુડ વિભાગમાં વર્ષોથી ચાલતો આવ્યો છે. હવે કાળઝાળ ઉનાળો શરૂ થયો છે ત્યારે પ્રજા અને બાળકોના આરોગ્યને હાનિ પહોંચાડે તે રીતે ઠંડા પીણા અને બરફગોલાનો વેપલો શરૂ થયો છે. પરંતુ તંત્રને જાણે કે જનઆરોગ્યની કંઈ પડી ન હોય તેવા દ્રશ્યો હિંમતનગર, મોડાસા, ધનસુરા, બાયડ, ઈડર, તલોદ, પ્રાંતિજ, ભિલોડા, ખેડબ્રહ્મા, વિજયનગરના બજારોમાં જોવા મળી રહી છે. એક તરફ કોરોનાનું સંક્રમણ પરાકાષ્ટાએ છે. સંક્રમિત લોકોનાં ગળાં છોલાઈ રહ્યાં છે તેમાંય હવે હલકી ગુણવત્તાના બરફગોલા ખાવાથી જનઆરોગ્યને વિપરીત અસર પહોંચવાની સંભાવના છે. ફુડ વિભાગના અધિકારીઓ માત્ર પોતાના ખિસ્સાઓનું હિત જોયા વગર જનઆરોગ્યનું હિત સર્વોપરી હોવાની બાબત ભૂલવી જોઈએ નહીં.

# અરવલ્લી જિલ્લાનાં ૫૩ ખાલી તળાવ નર્મદાના પાણીથી ભરાયાં

## મોડાસા ૨૬, બાયડ ૧૬, માલપુરનાં ૧૧ તળાવ ઉનાળામાં છલકાયાં, પાણીની અછતને અવસરમાં પલટતું તંત્ર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

અરવલ્લી જિલ્લામાં ઉનાળાના આગમન અગાઉ તળાવો ખાલીખમ થતાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ નર્મદાનાં પાણી ઠાલવી તળાવ છલકાવી દેવામાં આવ્યાં છે.

નવરચિત અરવલ્લી જિલ્લામાં નર્મદાનાં પાણી એસ.કે.-૨ યોજના હેઠળ વાત્રક, માઝૂમ પશુઓની તરસ છીપાવવામાં આવે છે તેમજ તળાવો ભરાવવાથી આસપાસના બોરકૂવા રીચાર્જ થવા અને ખેડૂતો સિંચાઈનો પણ લાભ લેતા હોય છે.



ઉભું થયું હતું. ખાલી તળાવ એસ.કે.-૨ યોજના હેઠળ નર્મદાના પાણીથી ભરવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે જેમાં બાયડ, માલપુર, મોડાસા સહિતના વિસ્તારોના કુલ-૫૩ ખાલી તળાવોમાં નર્મદાનાં પાણી ભરી મૂંગા પશુઓની તરસ છીપાવવાનો તંત્રએ પ્રયાસ કર્યો છે. એક રીતે પાણીની અછતને તંત્રએ નર્મદાના નીરથી ભરી અવસરમાં પલટી દીધો છે. વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર અરવલ્લી જિલ્લાના મોડાસાના ૨૬, બાયડના ૧૬ અને માલપુરના ૧૧ ખાલી તળાવમાં અને મેશ્વો ડેમમાં ઠાલવવાની સાથે તેના કમાન્ડ એરીયામાં આવતા ખાલી તળાવો ભરવા માટેની યોજના માટે રાજ્યની ભાજપ સરકારે રૂા.૫૫૦ કરોડની ફાળવણી કરી હતી. એક સમયે સૂકો ભઠ્ઠ રહેતો અરવલ્લી જિલ્લાનો ઘણો ખરો વિસ્તાર સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલથી બારેમાસ લીલોછમ રહેવા લાગ્યો ત્યારબાદ નર્મદાનાં પાણી ઠાલવવા માટેની યોજના જાહેર થયા પછી તેને કાર્યવંતિત કરાતાં દર ઉનાળા દરમ્યાન ખાલીખમ તળાવો નર્મદાના પાણીથી ભરી મૂંગા

જિલ્લામાં મોટાભાગના તળાવ ફેબ્રુઆરીના મધ્યમાં ખાલીખમ થયાં હતાં જેથી કારમા ઉનાળામાં મૂંગા પશુઓ માટે પીવાના પાણીનું સંકટ મંડરાયું હતું પરંતુ તંત્ર દ્વારા ખાલીખમ તળાવો ભરવા માટે રાજ્ય સરકારમાં દરખાસ્ત કર્યા પછી એચ.આઈ. બી.સી. ડીવીઝનને તળાવ ભરવા માટે લીલીઝંડી મળતાં પાછલા ૨ મહિનામાં જિલ્લાના ૩ તાલુકામાં ખાલીખમ તળાવ નર્મદાના પાણીથી ભરવામાં આવ્યાનું કાર્યપાલક ઈજનેર આર.એમ. નિનામાએ જણાવ્યું છે.

# ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં બમ્પર ૯૫ ટકા મતદાન

## આજે મત ગણતરી, મોડાસાના ધારાસભ્ય સહિત અનેક સહકારી આગેવાનોના ભાવિનો ફેંસલો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં શનિવારે ધોમધખતા તાપ વચ્ચે પણ બમ્પર ૯૫ ટકાથી વધુ મતદાન નોંધાયું છે. ચૂંટણી જંગ પ્રથમથી જ એક તરફી દેખાઈ રહ્યો છે. ધનસુરા માર્કેટયાર્ડના વર્તમાન ચેરમેન જગદીશભાઈ શામજીભાઈ પટેલ તરફી ઉમેદવારો જંગી વિજય મેળવે તેવી ધારણા છે. આજે રવિવારે મત ગણતરી હાથ ધરાશે જેમાં મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર સહિત અનેક સહકારી આગેવાનોના ભાવિનો ફેંસલો થવાનો છે.

ધનસુરા માર્કેટયાર્ડનો ચૂંટણી જંગ જાહેર થયો ત્યારે બે પેનલો વચ્ચે સત્તા માટે જંગ ખેલાશે તેવી સંભાવના વચ્ચે ફોર્મ ખેંચવાના



અંતિમ દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થતાં માત્ર ઔપચારીક ચૂંટણી જંગ થશે તેવું ચિત્ર સ્પષ્ટ થયું હતું. સહકાર વિભાગમાંથી વર્તમાન ચેરમેન જગદીશભાઈ શામજીભાઈ પટેલ બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા. ખેતી વિભાગની ૧૦ અને વેપારી વિભાગની ૧૪ બેઠકો માટે કુલ-૧૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા હતા.

એક તરફી જંગ હોવાથી ધનસુરા માર્કેટયાર્ડના ચૂંટણી જંગમાં મતદાન યોજાયું ત્યાં સુધી કોઈ ખેંચતાણના દાવપેચ જોવા ન મળ્યા. તા.૩ એપ્રિલે નિયત કરાયેલા મતદાન મથકો ઉપર વેપારી અને ખેડૂત વિભાગના મતદારોએ કચકચાવીને સાંજના ૪-૩૦ કલાક સુધીમાં ૯૫ ટકા મતદાન કર્યાનું જાણવા મળ્યું છે. વેપારી વિભાગમાં ૧૪૪માંથી ૧૩૭ અને ખેડૂત વિભાગમાં ૫૭૪માંથી ૫૪૮ મતદારોએ મતદાન કર્યાનું સ્થાનિક સૂત્રોએ જણાવ્યું છે.

### દુ:ખદ અવસાન

બાયડની વલ્લભનગર સોસાયટીમાં રહેતા હર્ષદભાઈ શાહ(વૃન્દાવન કિરાણા સ્ટોર્સ),



સ્વ.ગીરીશભાઈ શાહના ભાઈ ભરતભાઈ નાનાલાલ શાહ(પૂર્વ પ્રમુખ : બાયડ રેડીમેઈડ ગારમેન્ટ વેપારી એસોસીએશન)નું દુ:ખદ અવસાન થતાં સમગ્ર સોસાયટી વિસ્તાર બાયડના વૈષ્ણવ સમાજમાં શોક છવાયો છે. સદ્‌ગતના નિધન બદલ બાયડના તમામ વેપારીઓએ ઘેરાશોકની લાગણી વ્યક્ત કરી છે.

# ઉત્તર ગુજરાત સહિત રાજ્યમાં સરકારી શાળાઓ સોમવારથી સવારની કરવાનો આદેશ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૩

ઉનાળાની કાળઝાળ ગરમીમાં તા.૧ એપ્રિલથી સરકારી પ્રા.શાળાઓનો સમય સવારનો કરવાના બદલે બપોરનો રખાતાં ઉત્તર ગુજરાતના પ્રા.શિક્ષકોમાં રોષ વ્યાપ્યો હતો. આ અંગેના અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા પછી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કાળઝાળ ગરમી અને કોરોનાની વકરતી સ્થિતિને ધ્યાને રાખી રાજ્યની તમામ સરકારી પ્રા.શાળાઓમાં તા.૫ એપ્રિલ, સોમવારથી શાળાનો સમય સવારનો કરવાનો તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને આદેશ કરતો પરીપત્ર કરવામાં આવ્યો છે.

વર્ષોથી એપ્રિલ મહિનો શરૂ થાય એટલે એ પહેલાં જ કાળઝાળ ગરમી અને પીવાના પાણીનું સંકટ ઉભું થાય છે. રાજ્યમાં ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અગાઉના વર્ષોમાં જળસંકટનો શ્રાપ હતો જે ભાજપ દ્વારા લાંબાગાળાના


ઉત્તર ગુજરાત
તા. ૧-૪-૨૦૨૧, ગુરૂવાર ૫
સાબરકાંઠા - અરવલ્લી
શામળાજી | પ્રાંતિજ | ધનસુરા | પોશીના | હરસોલ | ઈડર | વિજયનગર | માલપુર | મેઘરજ | વડાલી | ખંભીસર
એપ્રિલના પ્રથમ દિવસે જ એપ્રિલ ફુલ જેવો ખેલ
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આજથી શાળાનો સમય ૧૦.૩૦ થી ૫.૦૫નો રખાતાં પ્રાથમિક શિક્ષકોમાં કચવાટ
૧૧ હજાર શિક્ષકોની અવઢવનો અંત, કાળઝાળ ગરમીમાં શાળાનો સમય સવારનો યોગ્ય
શિક્ષણ વિભાગના અધિકારીની પોસ્ટથી શિક્ષકોમાં રોષ
અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના જાન્યુઆરી મહિનાના પરીપત્રથી પ્રાથમિક શિક્ષકો અવઢવમાં

આયોજન પછી દૂર થયો છે. પરંતુ કાળઝાળ ગરમીએ તોબાહ પોકારી દીધી છે ત્યારે તા.૧ એપ્રિલથી શાળાઓ બપોરની રાખવા માટે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. વિભાગના આ પ્રકારના નિર્ણય સામે ઉત્તર ગુજરાતના ૩૩ હજારથી વધુ પ્રા.શિક્ષકોએ રોષ વ્યક્ત કર્યો હતો અને અહેવાલ એકમાત્ર ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ થયા હતા તેમજ રાજ્ય પ્રા.શિક્ષક સંઘે પણ શાળાઓ સવારની થાય તે માટે સરકારમાં રજુઆત કરી હતી. આખરે રાજ્યના પ્રા.શિક્ષણ નિયામક દ્વારા લાખો પ્રા.શિક્ષકોનો રોષ ઠારવા માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

### પ્રાંતિજના વડવાસામા અધિકારીઓના આંટા ફેરા

# કોબીજના ભેળસેળ બિયારણની ગુજ વિધાનસભા સુધી પહોચી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના વડવાસા ખાતે કોબીજ પકવતા ખેડૂતોને વેપારીઓ દ્વારા કોબીજ નુ ભેળસેળ યુવક બિયારણ પધરાવતા ખેડુતોને આઠ કરોડથી પણ વધુ નુકસાન મામલો વિધાનસભામા જતા હાલતો અધિકારીઓના ખેડૂતોના ખતરોમા ખાલી આંટા તો બીજીબાજુ ખેડુતો આક્ષેપ કરી રહ્યા છે કે અધિકારીઓ વેપારીઓ અને કંપની સાથે મળી ગયા છે. પ્રાંતિજના વડવાસા ખાતે કોબીજ પકવતા ખેડુતો દ્વારા લાખ્ખો-કરોડો રૂપિયાનો ખર્ચ કરી કોબીજની ખેતી કરી હતી પણ ભેળસેળ યુવક બિયારણ નિકળતા હાલતો ખેડુતો ને રાતા પાણીએ રોવા નો વાળો આવ્યો છે અને ૮૮ દિવસ છતાંય હજુ કોબીજમા દંડાના આવતા ખેડૂતોને દવા, બિયારણ, ખેડ, મહેનત, ઉધેર સહિતનો ખર્ચ માથે પડયો છે તો આ મુદ્દો ટોપએન્ડ ટાઉન બન્યો હતો. ખેડુતોનો અવાજ વિધાનસભામા અશ્વિન કોટવાલે ખેડુતો ઉપર આવી પડેલ આફતનો આ મુદ્દો ઉઠાવ્યો હતો જેને લઈને તંત્ર દ્વારા ખેડુતોના ખેતરોમા બે વખત આંટાફેરા કર્યા બીજી બાજુ ખેડુતોનો આક્ષેપ તંત્રના અધિકારીઓ વેપારીઓ અને કંપની સાથે મળી ગયા હોય તેવુ લાગી રહ્યુ છે.